# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
જયોતિર્મય પરિસર
શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ ગાંધીનગર હાઈ–વે
છારોડી, અમદાવાદ – 382481
**E-mail : feedback@baou.edu.in, Website : www.baou.edu.in**

**ફોર્મ નંબર : ....................** **ફોર્મ કિંમત રૂા. 500/-**
(નોન રીફંડેબલ)

| ટેન્ડર ફોર્મ મેળવવા/ ડાઉનલોડ શરૂની તારીખ | ટેન્ડર ફોર્મ ભરીને પરત જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય |
|---|---|
| તા. **06/01/2018** | તા. **11/01/2018** સમયઃ સાજેઃ ૫.૦૦ કલાક સુધી |

## કલોથ કવર અને સિકયુરીટી કવરો પૂરા પાડવા અંગેનું ટેન્ડર ફોર્મ

– અર્નેસ્ટમની ડીપોઝીટ રકમ રૂપિયા : 15,000/- ટેન્ડર સાથે ભરવાની રહેશે.
– સિકયુરીટી ડિપોઝીટ રકમ ટેન્ડર નિયુકતી સમયે ગુજરાત સરકારશ્રીની ખરીદનીતીના નિયમાનુસાર ભરપાઈ કરવાની રહેશે.

**નોંધ :–૧)** ટેન્ડર ફોર્મ/ભાવપત્રક તારીખઃ **11/01/2018**ના રોજ સાંજે 5.00 કલાકે અગર તે પહેલાં કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને મળી જાય તે રીતે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. અથવા પહોંચ મેળવીને રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે. સીલબંધ કવર ઉપર **" કલોથ કવર અને સિકયુરીટી કવરો અંગેના ભાવ"** એમ સ્પષ્ટ લખવાનું રહેશે.
૨) સદર ટેન્ડર ટુ બીડ સીસ્ટમની પ્રકિયા બાદ આખરીકરણ કરવામાં આવશે.

## પરિશિષ્ટ–૧

## કલોથ કવર અને સિકયુરીટી કવરો પૂરા પાડવા અંગેના ટેન્ડરની સામાન્ય શરતો

1) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા સ્થાપિત એક સ્વાયત સંસ્થા છે. જેને કચેરી ખાતેની કામગીરી માટે વિવિધ સાઈઝના કલોથ કવર અને સિકયુરીટી કવરો જરૂરીયાત રહેશે. ટેન્ડર આનુષાંગિક કામગીરી યુનિવર્સિટી મુખ્ય મથક ખાતે કરવાની રહેશે.
2) ટેન્ડરરને યુનિવર્સિટીઓ / સરકારી – અર્ધ સરકારી સંસ્થાઓ, કોર્પોરેશન, બોર્ડ, નિગમ, રાષ્ટ્રીયકૃત બેંક, કોર્પોરેટ કચેરીઓ વગેરે પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં આ પ્રકારની કામગીરી કરેલ હોવી જોઈએ.
૩) ટેન્ડરર પાસે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ હેઠળ નોંધણી, જી.એસ.ટી રજીસ્ટ્રેશન નંબર, પેન કાર્ડ, પ્રોફેશનલ ટેક્ષ નંબર, અને અન્ય આવશ્યક હોય તે નોંધણી થયેલ હોવા જરૂરી છે. ટેન્ડરર દ્વારા તે દરેકની ઝેરોક્ષ નકલ સ્વ–પ્રમાણિત કરી ટેન્ડર ફોર્મની સાથે અચૂક બિડાણ કરવાની રહેશે.
4) ટેન્ડર ભરનાર પાર્ટીને કવરો અગર વેચાણનો ઓછામાં ઓછા પાંચ (5) વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. તેમજ તેઓએ કરેલ કામગીરી સંબધિત ઓછામાં ઓછા બે (2) પ્રતિષ્ઠિત ગ્રાહકોની વિગત આપવાની રહેશે.
5) ટેન્ડરર એજન્સીનુ દર એક વર્ષનુ લધુત્તમ વાર્ષિક ટર્ન ઓવર રૂા.3/- લાખ અને છેલ્લા 2 (બે) નાણાંકીય વર્ષનુ કુલ ટર્ન ઓવર રૂા.5/- લાખ હોવુ જરૂરી છે.
6) ટેન્ડરરે પોતે માલિકી/ ભાગીદારી પેઢી/ પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ તેઓના માલિકના/તમામ ભાગીદારોના નામ, સરનામાં, કચેરી તેમજ રહેઠાણના સરનામાં, સંપર્ક નંબરો (મોબાઈલ અને લેન્ડ લાઈન ફોન નંબર) સાથેની વિગત તેઓના લેટરહેડ ઉપર અચૂક આપવાના રહેશે.
7) ટેન્ડરર કંપનીના સરનામાં/સંપર્ક નંબરમા ફેરફાર થવાના કિસ્સામાં તેમજ ભાગીદારોના કિસ્સામાં ફેરફાર થાય તેવા સંજોગોમાં કંપનીના લેટરપેડ ઉપર યુનિવર્સિટીને તાત્કાલીક લેખીતમાં જાણ કરવાની રહેશે.
8) કોઈપણ જાતના શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં અને આ પ્રકારના ટેન્ડર રદ્ થવાને પાત્ર ગણાશે.
9) કોઈપણ ટેન્ડર સંપૂર્ણ અગર અંશતઃ સ્વિકારવાનો કે એક થી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો, તમામ કે કોઈપણ ટેન્ડર કોઈપણ કારણ આપ્યા સિવાય રદૃ કરવાનો યુનિવર્સિટીને અબાધિત હકક રહેશે.
10) ટેન્ડર ખોલ્યા બાદ કોઈપણ ટેન્ડરર તેઓના ભાવ પાછા ખેંચી શકશે નહી, તેમ છતાં જો ટેન્ડરર તેમ કરશે તો તેઓની અર્નેસ્ટ મની ડિપોઝીટ જપ્ત કરી કરવામાં આવશે.
11) સંપૂર્ણ વિગતો ભરેલા ટેન્ડર સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટના રૂા.15,000/-નો "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના" નામનો અમદાવાદ સ્થિત નેશનલાઈઝ્ડ બેંકનો ડ્રાફટ/ પે ઓર્ડર બિડવામાં ન આવ્યો હોય તેવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.

12) ખરીદી ઓર્ડર સામે નિયત સમયમાં સપ્લાય નહી મળે તો યુનિવર્સિટી જે તે આઈટમો બજાર કિંમતે કોઈપણ વેપારી/સંસ્થા પાસેથી ખરીદી શકશે અને થયેલ વધારાનો ખર્ચ ટેન્ડરર પાસેથી વસૂલ કરાશે. જે તેના બીલ અગર સિકયોરીટી ડિપોઝીટમાંથી વસૂલ કરવામાં આવશે.

14) તમામ પ્રકારના કવરો નિયત થયેલા સ્પેશિફિકેશન મુજબના હોવા જોઈએ.

15) ટેન્ડરરે કોઈપણ સંસ્થા દ્વારા બ્લેક લીસ્ટ થયેલ નથી તે મુજબની લેટરપેડ ઉપર લેખીતમાં બાહેંધરી આપવાની રહેશે.

16) ટેન્ડર આનુષાંગિક સેવાઓ પૂરી પાડવા/ કામગીરી કરવા સામે કોઈપણ પ્રકારની એડવાન્સ રકમ ચૂકવવામાં આવશે નહિ.

17) ટેન્ડરરે કલોથ કવર અને સિકયુરીટી કવરો પૂરા પાડી/ કામગીરી પૂર્ણ કરી તેના ચૂકવણાંના બીલો ૨ (બે) નકલમાં ''ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ''ના નામજોગ બનાવી રજૂ કરવાના રહેશે. ખરીદ સામેના બીલ ઓર્ડર સામેના જથ્થા મુજબ યુનિવર્સિટીને ડિલેવરી કર્યા બાદ દિનઃ10મા ડિલેવરી ચલણ સાથે રજૂ કરવાના રહેશે. બીલના ચૂકવણામાંથી સરકારશ્રીના ધારા–ધોરણ મુજબ Tax કપાત કરવામાં આવશે.

18) ટેન્ડરર તરીકે જે કોઈ પાર્ટી નિયુકત થાય તેઓ ટેન્ડર અંગેની કોઈપણ શરતોના ભંગ થશે કે અયોગ્ય સેવાઓના કિસ્સામાં કે ટેન્ડર સામેની કામગીરી અધુરી છોડવામાં આવશે તો ટેન્ડરર તરીકે નિમાયેલ પાર્ટીનો વર્ક ઓર્ડર કે ખરીદ ઓર્ડર કે કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે. તેમજ પાર્ટીને જે કોઈપણ આર્થિક કે અન્ય નુકશાની થાય તે માટેની જવાબદારી વ્યકિત રીતે પાર્ટીની રહેશે અને કાનૂની દાવો પણ કરી શકાશે નહિ. તેમજ આવા કિસ્સામાં યુનિવર્સિટી દ્વારા પાર્ટીની સિકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

19) ટેન્ડરની સામાન્ય શરતો, કરારની શરતો અગર ટેન્ડર સ્વિકૃતિ નિયમોના અર્થઘટન, ટેન્ડર પ્રકિયા/કાર્યવાહી અંગેની કમિટીનો નિર્ણય કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, યુનિવર્સિટીની સક્ષમ સમિતિનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

## <u>પરિશિષ્ટ–૨</u>

### કલોથ કવર અને સિકયુરીટી કવરો પૂરા પાડવા અંગેનાં ટેન્ડરમાં ભાવ ભરવા અંગે <u>શરતો</u>

1. ટેન્ડરર પાર્ટી દ્વારા ટેન્ડરની ફાઈનાન્સીયલ બીડમાં દર્શાવેલ વિગત સામેના ભાવ આપવાના રહેશે.
2. ટેન્ડરર દ્વારા **કલોથ કવર અને સિકયુરીટી કવરો પૂરા પાડવા અંગે** (અત્રેથી બતાવવામાં આવે તે નમૂના આધારિત), તમામ ટેકસ સાથેના અને યુનિવર્સિટી મુખ્ય મથક સુધી પહોચતાં કરવા સાથેના ભાવ ભરવાના રહેશે. ભરેલ ભાવ સિવાય અન્ય કોઈ ચાર્જ, એલાઉન્સ, પેકીંગ ખર્ચ, વાહન ભાડા ખર્ચ, મજુરી ખર્ચ કે વસ્તુઓ પહોચાડવા સંબધિત અન્ય કોઈપણ ખર્ચ અલગથી મળવાપાત્ર થશે નહિ.
3. ટેન્ડરર દ્વારા ભરવામાં આવેલ ભાવ ફાઈનાન્સીયલ બીડ ઓપન થયા તારીખથી 180 દિવસ સુધી માન્ય ગણાશે.
4. ટેન્ડર ઓપન થયા બાદ કોઈપણ ટેન્ડરર તેઓના ભાવ પાછા ખેંચી શકશે નહી.
5. ટેન્ડર સામે આવેલ પાર્ટીઓ પૈકી એક થી વધુ પાર્ટીઓના ભાવ L-1 થશે તો તેઓએ ભૂતકાળમાં કરેલ કામગીરીના અનુભવ અને ટેન્ડરર પાર્ટીની સક્ષમતા ધ્યાને લઈ યુનિવર્સિટીની નિયત સમિતિ  નિર્ણય લેશે જે તમામ પાર્ટીઓને બંધનકર્તા રહેશે.
6. ટેન્ડરમાં દર્શાવેલ અંદાજિત જથ્થામાં વધ–ઘટ થઈ શકશે. જેમાં ખરેખર થયેલ ખરીદ પ્રમાણે મંજૂર થયેલ ભાવ મુજબ ચૂકવણાં કરવામાં આવશે.
7. સદર ટેન્ડર કામગીરી સામે કોઈપણ વિવાદ બાબતે Subject to Ahmedabad Jurisdiction રહેશે.

## <u>પરિશિષ્ટ–૩</u>

## <u>ટેન્ડર ફોર્મ મેળવવા, રજૂ કરવા, સિકયુરીટી ડિપોઝીટ ભરવા આનુષાંગિક સૂચનાઓ</u>

1 **<u>ટેન્ડર ફોર્મ મેળવવા અંગેઃ</u>**–

1.1 ઉપરોકત કામગીરી માટે નિયત થયેલ ટેન્ડર ફોર્મમાં ભાવો આપવાના રહેશે. નિયત કરેલા ટેન્ડર ફોર્મ **<u>જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખ: 06/01/2018થી</u>** યુનિવર્સિટી કચેરીએથી જાહેર રજાના દિવસો સિવાય કચેરીના કામકાજ સમય દરમ્યાન (રૂા.500/- અંકે રૂપિયા પાંચસો પુરા/–) (નોન રિફંડેબલ) રોકડે જમા કરાવી મેળવી શકાશે. જો તે તારીખે કોઈપણ કારણસર રજા જાહેર થશે તો ત્યારબાદની કામકાજની તારીખ સુધીમાં મેળવવાનુ રહેશે. તદ્ ઉપરાંત યુનિવર્સિટીની વેબ–સાઈટ પરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી મેળવી શકાશે. ટેન્ડરરે વેબ સાઈટ પરથી ફોર્મ મેળવેલ હશે તો ફોર્મ જમા કરાવતા સમયે રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા/–)નો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ તરફેણનો ડિમાન્ડ ડ્રાફ્ટ અગર બેકર્સ ચેક અવશ્ય બિડાણ કરવાનો રહેશે. અન્યથા ટેન્ડરર તરીકે ગેરલાયક ગણવામાં આવશે.

**(2)** **<u>ટેન્ડર ફોર્મ રજૂ કરવા અંગેઃ</u>**

2.1 સંપૂર્ણ વિગતો સાથે ભરેલ ફોર્મ **<u>તા</u>11/01/2018**ના રોજ સાંજે 5.00 કલાક સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મળી જાય તે રીતે સીલબંધ કવરમા રજી. પોસ્ટ મારફતે અગર માહિતી કાઉન્ટર ઉપરથી પહોંચ મેળવી રૂબરૂમાં રજૂ કરવાનુ રહેશે. કવર ઉપર **"<u>કલોથ કવર અને સિકયુરીટી કવરો પૂરા પાડવા અંગેનું</u>"** એમ સ્પષ્ટ મોટા અક્ષરે વંચાય તે રીતે લખવાનુ રહેશે.

2.2 નિયત તારીખ અને સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ.

2.3 ટેન્ડર ફોર્મમાં દરેક પેઈજ ઉપર ટેન્ડરરે તેઓના સિકકા–સહી કરવાના રહેશે.

2.4 <u>ટેન્ડર ટુ બીડ સીસ્ટમની પ્રકિયાથી આખરીકરણ કરવાનુ હોઈ ટેન્ડરરે કુલ ત્રણ અલગ–અલગ કવર તૈયાર કરી નીચે મુજબ બિડાણ કરવાના રહેશે.</u> જેમાં,

૧) **<u>પ્રથમ કવરઃ</u>** ટેન્ડર ફોર્મ ફી રકમનું અને EMD (ડ્રાફ્ટ અગર રોકડ રકમ રસીદ)

૨) **<u>બીજુ કવરઃ</u>** ટેકનીકલ બીડ (પરિશિષ્ટઃ5) મુજબ (તમામ ડોકયુમેન્ટ સાથે) અને (પરિશિષ્ટઃ4) સંમતિપત્ર.

૩) **<u>ત્રીજુ કવર ફાઈનાન્સીયલ બીડનુ.</u>** (પરિશિષ્ટઃ7) મુજબ ભાવ ભરવા.

ઉપરોકત ત્રણેય કવરો એક મોટા કવરમાં મૂકવાના રહેશે.

**(3) <u>અર્નેસ્ટ મની ડિપોઝીટ અને સિકયુરીટી ડિપોઝીટ</u>ઃ–**

3.1 સંપૂર્ણ વિગતો ભરેલા ટેન્ડર સાથે રૂા.15,000/- અર્નેસ્ટ મની ડિપોઝીટ પેટે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામનો, અમદાવાદ સ્થિત કોઈપણ નેશનલાઈઝ બેન્કનો ડિમાન્ડ ડ્રાફ્ટ બિડવાનો રહેશે. અર્નેસ્ટ મની ડિપોઝીટનો ડ્રાફ્ટ બિડવામાં નહિ આવ્યો હોય તેવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.

3.2 જેઓનુ ટેન્ડર માન્ય રાખવામાં આવશે તેવા ટેન્ડરરની અર્નેસ્ટ મની ડિપોઝીટને સિકયુરીટી ડિપોઝીટ તરીકે ગણી લેવામાં આવશે તથા તફાવતની રકમનો પે ઓર્ડર/ ડિમાન્ડ ડ્રાફ્ટ નિયત સમયમાં યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે.

3.3 નિયત થયેલ ટેન્ડરરના ભાવ સ્વિકારાયા બાદ જ તે સિવાયની પાર્ટીઓની અર્નેસ્ટ મની ડિપોઝીટના મૂળ ડી.ડી./પે ઓર્ડર પરત કરવામાં આવશે.

3.4 જે–તે પાર્ટીનુ ટેન્ડર / ભાવ સ્વિકારવામાં આવશે તેઓએ ટેન્ડર સામેની કામગીરીના રકમના અંદાજ મુજબ ગુજરાત સરકારશ્રીની ખરીદનીતીના નિયમાનુસાર સીકયુરીટી ડિપોઝીટ રકમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામે, અમદાવાદ સ્થિત કોઈપણ નેશનલાઈઝ બેન્કનો ડિમાન્ડ ડ્રાફ્ટ/ બેંકર્સ ચેક સ્વરૂપે જમા કરાવવાની રહેશે.

3.5 પાર્ટી દ્વારા કલોથ કવર અને સિકયુરીટી કવરો પૂરા પાડવા અંગેના પાડયાના બીલના યુનિવર્સિટી તરફથી ચૂકવણાં થયા બાદ પાર્ટી તરફથી લેખીત પત્ર મળ્યે સિકયુરીટી ડિપોઝીટની રકમ પરતકરવામાં આવશે. સિકયુરીટી ડિપોઝીટ રકમ જમા રાખ્યા સામે યુનિવર્સિટી તરફથી કોઈપણ પ્રકારનુ વ્યાજ આપવામાં આવશે નહિ.

# <u>પરિશિષ્ટ–૪</u>

## <u>સં મ તિ પ ત્ર / ક રા ર ખ ત</u>

**સ્થળ :**______________________

**તારીખ :**______________________

પ્રતિ,
કુલસચિવશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ.

**શ્રીમાન,**

આથી અમો ..........................................................................................................................................

**<u>કલોથ કવર અને સિકયુરીટી કવરો પૂરા પાડવા</u>** અમારા ભાવ આ અંગેના ટેન્ડર ફોર્મ સાથે મોકલીએ છીએ.

આ કામ અંગે ટેન્ડરમાં જણાવેલ બધી શરતો, સમાવેશ થયેલ પરિશિષ્ટ, ટેન્ડર દર્શીત વિગતવાર વર્ણનો અમે વાંચેલ છે/ સમજેલ છે. અમોને તે તમામ શરતો તથા અર્થઘટનો કબુલ મંજૂર છે. અમોને ટેન્ડર સામે કામગીરી કરવા, વર્ક કે ખરીદ ઓર્ડર કે નિમણૂંક કરવામાં આવશે તો તે અમો સ્વિકાર કરીશુ. તેમજ કામગીરી અંગેની શરતોનો કોઈપણ જાતનો ભંગ થશે તો અમો જવાબદાર રહીશું. યુનિવર્સિટીને ટેન્ડર સામેની વસ્તુઓ તૈયાર કરી પૂરી પાડયા બાદ કોઈ નુકશાની વાળી વસ્તુઓ મળશે તો તે અંગે નુકસાનની રકમની જવાબદારી અમારી રહેશે. તેમજ નુકશાની વસ્તુઓ બદલી આપવાની જવાબદારી અમારી રહેશે.

ટેન્ડર સામે અમોએ ભરેલ ભાવે અગર મંજૂર થાય તે ભાવે મહત્તમ એક વર્ષના સમયગાળા સુધી કોઈ ભાવ વધારો માંગ્યા સિવાય, ટેન્ડર મુજબ કામગીરી કરવા માટે બાહેંધરી તથા સંમતિ આપીએ છીએ.

ટેન્ડરર પાર્ટી નામ :.......................................................................................

સહી અને સિકકા :.......................................................................................

તારીખ : ______________________

## <u>પરિશિષ્ટ–પ</u>
## <u>ટેન્ડરરની ટેકનીકલ માહિતી</u>

**(અ) પ્રાથમિક માહિતી :–**

1. એજન્સી/કંપની/પેઢી/મંડળીનુ નામ ..............................................................................................
2. મુખ્ય વ્યકિતનું નામ તથા હોદ્દો ..............................................................................................
3. હાલનું પુરૂ સરનામું ..............................................................................................

.................................................................................................................................................................

4. ફોન નંબર (લેન્ડ લાઈન) ________________________________
5. મોબાઈલ. નં. ________________________________

**(બ)** ટેન્ડરર એજન્સી/પેઢી/કંપની/સહકારી સંસ્થા નોંધણી વિગતઃ **(ટેન્ડર સ્વીકૃતી માટે ધ્યાને લેવાશે)**

| ક્રમ | નોધણીની વિગત | નોધણી નંબર | નોધણીની અવધી | રિમાર્ક |
|---|---|---|---|---|
| ૧ | શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ નોંધણી | | | |
| ૨ | ઈન્કમ ટેકસ નંબર (Pan No.) | | | |
| ૩ | વ્યવસાય વેરા નોંધણી નંબર | | | |
| ૪ | GST નોંધણી નંબર | | | |
| ૫ | અન્ય નોંધણી | | | |

**(ક) સ્થાપના તથા અનુભવ વર્ષની વિગતઃ**

| | | |
|---|---|---|
| ૧ | એજન્સી / પેઢી / કંપની / સહકારી સંસ્થા/ મંડળીની નોંધણી/ સ્થાપના વર્ષ | |
| ૨ | અનુભવ (વર્ષ) | |

**(ડ)** ટેન્ડર ફોર્મ ફી વિગત

બેંકનુ નામ ........................................................ ડ્રાફ્ટ નં. ..................................................

રકમ ................................................................ તારીખ ..................................................

રોકડાઃ .................. (રોકડા ભરેલ હોય તો હા લખવુ) રસીદ નં...................... તા......................

→ ઈ.એમ.ડી વિગત

બેંકનુ નામ ............................................................ ડ્રાફ્ટ નં. ..................................................

રકમ ...................................................................... તારીખ ..................................................

**ફાઈનાન્સીયલ માહિતી (ટેન્ડર સ્વીકૃતી માટે ધ્યાને લેવાશે) :–**

1. છેલ્લા બે વર્ષના વાર્ષિક હિસાબો

| Sr. No. | Year | Accounts Audited (Y/N) | Total Turnover (Rs.) | Net Profit (Rs.) |
|---|---|---|---|---|
| 1. | 2015-16 | | | |
| 2. | 2016-17 | | | |

**નોંધ :** છેલ્લા બે વર્ષના હિસાબોની C.A દ્વારા ઓડિટ થયેલ પ્રમાણીત નકલ ટેન્ડર સાથે જોડવાની રહેશે.

## <u>પરિશિષ્ટ–૬</u>

**અ) ટેન્ડરરે જે સંસ્થાઓમાં કામગીરી કરેલ તેના ઓર્ડર/ વેલ્યુ/ અનુભવની વિગત**

(યુનિવર્સિટીઓ/ સરકારી – અર્ધ સરકારી સંસ્થાઓ/ પ્રતિષ્ઠિત સંસ્થાઓ/ રાષ્ટ્રીયકૃત બેંક/ જાહેર સાહસો/ નિગમ/ બોર્ડ જેની સાથે ટેન્ડરરે **<u>ક્લોથ કવર અને સિક્યુરીટી કવરો પૂરા પાડવા</u>** સંબધિત પ્રકારનુ કામ ચાલુ છે / અગાઉ કરેલુ છે.)

| ક્રમ | સંસ્થાનુ નામ/ સરનામુ/ ફોન નંબર | સંસ્થાના સક્ષમ અધિકારી/ હોદ્દો | મેળવેલ ઓર્ડરની વેલ્યુ/ સમયગાળો/ | રિમાર્ક |
|---|---|---|---|---|
| ૧) | | | | |
| ૨) | | | | |
| ૩) | | | | |
| ૪) | | | | |
| ૫) | | | | |

**અનુભવની વિગતો રજૂ કરવા અંગેની સૂચનાઓઃ**

૧) જો એક થી વધુ પાર્ટીના ભાવ જે–તે આઈટમ સામે એક સરખા આવશે તેવા કિસ્સામાં પાર્ટીએ કરેલ કામગીરીના અનુભવ/ ઓર્ડરની વેલ્યુ/ કામગીરીનો સમયગાળો વગેરે ધ્યાનમાં લેવામાં આવશે.

૨) ટેન્ડરરે વર્ક ઓર્ડરની નકલ તથા કામગીરી પૂર્ણ કર્યાના પ્રમાણપત્ર બિડાણ કરવાના રહેશે. જો કામગીરી પૂર્ણ કર્યાના જે–તે સંસ્થા તરફથી પ્રમાણપત્ર મળી શકે તેમ ન હોય તો ટેન્ડરરે પોતાના લેટરપેડ ઉપર જે–તે ઓર્ડરના સંદર્ભ સામે કામગીરી પૂરી કરેલ છે તે મુજબના બાહેંધરી પત્રક આપવાના રહેશે.

**તારીખ :** **ટેન્ડર ભરનારના સહી તથા સિકકો**

**સ્થળ :**

## પરિશિષ્ટ–૭

# ફાઈનાન્સીયલ બીડ

## કલોથ કવર અને સિક્યોરીટી કવરોના ભાવો મેળવવા માટેનું ફોર્મ

| ક્રમ | કવરની વિગત અને સાઈઝ | સ્પેશિફિકેશન | (ભાવ)<br>પ્રતિ નંગ (રૂા./પૈસા) |
|---|---|---|---|
| **1.** | **2.** | **3.** | **6.** |
| 1. | કલોથ કવર (પ્રિન્ટીગ વગર)<br>૧૬" X ૧૨" સાઈઝ | – લેઝર પેપર<br>(70 gsm)<br>– અંદરની બાજુ થ્રેડ કવોટીગ<br>– ફલેપ સહિત | |
| 2. | કલોથ કવર (પ્રિન્ટીગ વગર)<br>૧૨" X ૧૦" સાઈઝ | | |
| 3. | સિકયુરીટી કવર (પ્રિન્ટીગ વગર)<br>૧૬" X ૧૨" સાઈઝ | – 70 Micron gsm<br>– With Self Gumming | |
| 4. | સિકયુરીટી કવર (પ્રિન્ટીગ વગર)<br>૧૨" X ૧૦" સાઈઝ | | |
| 5. | સિકયુરીટી કવર (પ્રિન્ટીગ વગર)<br>૧૬" X ૨૦" સાઈઝ | | |
| 6. | કલોથ કવર (પ્રિન્ટીગ સાથે)<br>૧૬" X ૧૨" સાઈઝ | – લેઝર પેપર<br>(70 gsm)<br>– અંદરની બાજુ થ્રેડ કવોટીગ<br>– ફલેપ સહિત | |
| 7. | કલોથ કવર (પ્રિન્ટીગ સાથે)<br>૧૨" X ૧૦" સાઈઝ | | |
| 8. | સિકયુરીટી કવર (પ્રિન્ટીગ સાથે)<br>૧૬" X ૧૨" સાઈઝ | – 70 Micron gsm<br>– With Self Gumming | |
| 9. | સિકયુરીટી કવર (પ્રિન્ટીગ સાથે)<br>૧૨" X ૧૦" સાઈઝ | | |
| 10. | સિકયુરીટી કવર (પ્રિન્ટીગ સાથે)<br>૧૬" X ૨૦" સાઈઝ | | |

**<u>ભાવ ભરવા અંગે આવશ્યક સૂચનાઓઃ</u>**

૧) ભાવ લાગુ પડતા તમામ ટેક્ષ અને ટેન્ડરર કંપની કે ગોડાઉનથી લઈને આ કચેરીના છારોડી મથકે પહોચતાં કરવા સાથેના (પેકીગ, મજુર, વાહન ભાડુ અને અન્ય તમામ ખર્ચ સમાવેશ સાથે) ભરવાના રહેશે.

૨) ભાવ ભરતા પહેલાં યુનિવર્સિટી મથકેથી જે–તે વસ્તુનો નમૂનો અચૂક જોઈ લેવાના રહેશે.

તારીખ : ટેન્ડર ભરનારના સહી તથા સિકકો

સ્થળ :